નવી સેવા : વર્ષ ૨૦૨૩-૨૦૨૪

આંગણવાડી કેંદ્રોને સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરવા માટે વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર :WCDD/IMR/e-file/23/2023/0172/B (ICDS)

સચિવાલય ગાંધીનગર

વંચાણે લીધા:

૧) નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ ની કચેરીના તા.૨૫/૦૧/૨૦૨૩ના પત્ર ક્ર: ICDS/BJT/e-file/257/2023/0108/Infrastructure

ઠરાવ-:

રાજ્યમાં હાલમાં ૪૨૫૧૬ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં બેસે છે. તે પૈકી ભારત સરકારશ્રી દ્વારા સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ગુજરાત રાજ્યની ૧૨૫૦ આંગણવાડી કેન્દ્રોને અપગ્રેડ કરવા મંજુરી આપેલ છે. જેમાં ૯૩૭ આંગણવાડી કેન્દ્રો **LED Screen** વિનાના અને ૩૧૩ **LED Screen** સહિત અપગ્રેડ કરવાના થશે. સક્ષમ આં.વા.માં અપગ્રેડેશન માટે યુનિટની કિંમત **LED** ટીવી સાથેના આંગણવાડી કેન્દ્રો માટે ૧.૦૦ લાખ અને **LED** ટીવી વિના આંગણવાડી કેન્દ્રો માટે ૦.૭૫ લાખ ની યુનિટ કોસ્ટ અનુસાર સક્ષમ આંગણવાડી તરીકે અપગ્રેડ કરવાની વહિવટી મંજુરી આપવામાં આવે છે. જેનાં માટે કુલ રૂ.૧૦૧૫.૭૫ લાખની બજેટ જોગવાઇ માટે નીચેના શરતે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

જેમાં નીચે મુજબની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

| | |
|---|---|
| પોષણ વાટિકા | રૂ.૧૦,૦૦૦ પ્રતિ યુનિટ |
| રેઈન વોટર હાર્વેસ્ટિંગ | રૂ.૧૬,૦૦૦ પ્રતિ યુનિટ |
| **LED Screen** | રૂ.૨૫,૦૦૦ પ્રતિ યુનિટ |
| વોટર પ્યોરિફાયર /**R.O. Machine** | રૂ.૧૦,૦૦૦ પ્રતિ યુનિટ |
| વાઇ-ફાઇ/પેન ડ્રાઇવ, **R.O Machine** નું મેઇનટેનન્સ, એસેસરિઝ વગેરે | |
| **ECCE** અને સંલગ્ન પ્રવૃત્તિઓ (શિખવાની અને રમવાની સામગ્રી) | |

શરતો:

૧. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. ભારત સરકારનો હિસ્સો અને પ્રમાણસર રાજ્યનો હિસ્સો સુનિશ્ચિત કર્યા પછી જ ખર્ચ કરવાનો રહેશે

૩. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇમાર્કેટપ્લેસ **(GeM)** પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે .પરંતુ જે વસ્તુઓ **GeM Portal** પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

૫. આઇ.ટી .હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી /કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે.તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત કચેરીની થશે.

૬. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે .જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે

૭. ખરીદીના વિકલ્પે **Rental Model, PPP** ધોરણે કે **Outsourcing** થી **Operation and Maintenance,** કે અન્ય **Hybrid model** થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

૮. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.

૯. આઇ.ટી .હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર **Operation and maintenance** માટે **Manpower** ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

૧૦. આઈ.ટી .હાડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. આઈ.ટી .હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૧૨. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

૧૩. આઈ.ટી .હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

૧૪. જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે

૧૫. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૬. પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૭. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૮. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે

૧૯. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૨૦. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૧. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નંબર : ૧૦૬

સદર : ૪૨૩૬ પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર : ૦૨ પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ

ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર : ૦૮ - એનટીઆર-૯, (૬૦% કેંદ્ર ફાળો)

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૪૨૩૬ પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ

પેટા મુખ્ય સદર : ૦૨ પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ
ગૌણ સદર : ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર : ૦૯- એનટીઆર-૯, (૪૦% રાજ્ય ફાળો)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦-૦૫-૨૦૨૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ. લેઉવા)
ઉપ સચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.07.06
12:35:39 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.